## ટૂંકી મુદ્દતનો પ્રશ્ન

**તા.૨૫/૦૯/૨૦૨૦**

**રાજ્યમાં સૂર્ય ઊર્જાનો વપરાશ કરતાં ગ્રાહકો દ્વારા વધારાની ઊર્જા વીજ કંપનીઓને વેચવા બાબત**

**ટૂં.મૂ. પ્રશ્ન ક્રમાંક: ૩૯** શ્રી જગદીશ વિશ્વકર્મા (નિકોલ): માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સન ૨૦૨૦ના વર્ષમાં તા.૧૦/૦૯/૨૦૨૦ની સ્થિતિએ રાજ્યનાં ઘરવપરાશના વીજ જોડાણો ધરાવતા વીજ ગ્રાહકો સૂર્ય ઉર્જા દ્વારા વીજળી ઉત્પન્ન કરી સ્વ-વપરાશ ઉપરાંતની વીજળી વીજ કંપનીને વેચીને આવક કરી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ યોજના અમલમાં મૂકવામાં આવી છે કે કેમ, અને | (૧) હા,જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તેની વિગતો શી છે? | (૨) રાજ્યનાં ઘરવપરાશના વીજ જોડાણો ધરાવતા વીજ ગ્રાહકો સૂર્ય ઊર્જા દ્વારા વીજળી ઉત્પન્ન કરી સ્વ-વપરાશ ઉપરાંતની વીજળી વીજ કંપનીને રૂ.૨.૨૫/- પ્રતિ યુનિટના ભાવે વેચીને આવક કરી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા તા.૦૫/૦૮/૨૦૧૯ના ઠરાવથી “સૂર્ય-ગુજરાત” નામની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે.<br>આ યોજનામાં ૩ કિલોવોટ સુધી સોલર રૂફટોપ સિસ્ટમના નિયત કરેલ કિંમતના ૪૦% સબસિડી તથા ૩ કિલોવોટથી વધુ અને ૧૦ કિલોવોટ સુધી ૨૦% સબસિડી આપવામાં આવશે. તદ્દઉપરાંત, ગ્રુપ હાઉસિંગ સોસાયટી (GHS)/ રેસિડેન્સિયલ વેલ્ફેર એસોસિએશન (RWA)ની સોસાયટીની લાઇટ, સોસાયટીનું વોટર વર્કસ, લિફ્ટ, જીમ, સ્વીમિંગ પુલ, બગીચો વગેરે જેવી મઝિયારી (Common) સુવિધાઓના વીજ જોડાણો માટે સોલાર રૂફટોપ પ્લાન્ટ સ્થાપિત કરવા ૨૦% સબસિડી નિયમાનુસાર મળવા પાત્ર થશે.<br>આ યોજના અંતર્ગત કુલ ૧૨૮૬૪૬ અરજીઓ આવેલ છે.તે પૈકી તા.૧૦/૦૯/૨૦૨૦ની સ્થિતિએ કુલ ૯૮૪૨૨ ઘરવપરાશના ગ્રાહકોના મકાનની છત પર સોલર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવેલ છે અને તેની કુલ વીજ ક્ષમતા ૩૬૮.૮૪ મેગાવોટ છે. જેમાંથી કુલ ૮૫૪૩૨ સોલર રૂફટોપ સિસ્ટમ કાર્યાન્વિત થઈ ગયેલ છે જેની કુલ વીજ ક્ષમતા ૩૧૮.૯૩ મેગાવોટ છે.સમગ્ર દેશમાં સોલર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરવામાં ગુજરાત રાજ્ય પ્રથમ સ્થાને છે. |